Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ 12065

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૧/૦૯/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળાઓ
જિ.સુરત.

૨/- આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

પરપત્રીપત્ર૫૧

નંમક/આવિ/ પ્રિ મેટ્રીક / /૨૦૨૩
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસનીકચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેક્સ નં. (૦૨૬૧)૨૪૭૬૧૮૧
Mail ID :vosurat@gmail.com

તા. ૨૦/ ૦૯ /૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ માધ્યમિક શાળાઓ)
જી. સુરત

**વિષય:-** Digital Gujarat Portal **પર ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત (વર્ષ** 2023-24) (Website: https://www.digitalgujarat.gov.in)
**સંદર્ભ : નિયામક આદિજાતિ વિકાસની કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના પત્ર નં.** DOTD/0358/08/2023 Dt. 12/09/2023

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અરજીઓ મેળવવા માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવેલ છે. તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ માન.અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં મળેલ સૂચના મુજબ વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ ધોરણ – ૯ થી ૧૦ ની કામગીરી ૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની થાય છે.

વધુમાં ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અન્વયે ભારત સરકાર, આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા નવીન માર્ગદર્શિકા બહાર પાડેલ છે(આ સાથે સામેલ છે). જે અન્વયે અનાથ બાળક(માતા-પિતા બન્ને હયાત ન હોય તેવા)કિસ્સામાં આવક મર્યાદા ધ્યાને લેવાની રહેશે નહી, તેમજ **નવી ગાઇડલાઈન મુજબ ધોરણ ૯ થી ૧૦માં વિધાર્થીઓનો ફોટો**(jpg format)**, આવકનો દાખલો, જાતિનો દાખલો, વાલીનો મોબાઈલ નંબર, છેલ્લે પાસ કરેલ પરીક્ષાની ટકાવારી, હાજરીનાં દિવસો વગેરે ડેટા ફરજીયાત એન્ટ્રી કરવાની રહેશે. અન્યથા દરખાસ્ત SEND કરી શકાશે નહી**, જેની દરેક શાળાઓએ નોંધ લેવી. ઉક્ત બાબતો નિગાહે લઇ દરેક આચાર્યશ્રીઓને ધોરણ- ૯ થી ૧૦ ની ઓનલાઇન દરખાસ્ત કરી જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરી અત્રેની કચેરીને તાત્કાલિક ધોરણે SEND કરવા જણાવવામાં આવે છે. સદર કામગીરી સપ્ટેમ્બર- ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

**મદદનીશ કમિશનર**
**આદિજાતિ વિકાસ**
**સુરત**

**નકલ સવિનય રવાના :**
પ્રતિ,
(૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.
(પરિપત્ર વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)